# ગાંધીનગર શહેર-જિલ્લામાં જુગારની જમાવટ

## પોલીસે વિવિધ સ્થળો પરથી ૨૦ જુગારીઓને પકડી પાડી રૂ.૩૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર શહેર-જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શ્રાવણીયા જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી છે. જુગારીઓને પકડવા માટે પોલીસે દોડાદોડી કરી રહી છે. તો બીજીતરફ જુગારીઓ જયાં જગ્યા મળે ત્યાં બાજી માંડીને ગોઠવાઈ જાય છે. ત્યારે અડાલજ પોલીસો શેરથા, અંબાપુર અને ચિલોડા પોલીસે મગોડી ગામેથી જુગારીઓને દબોચી લીધા છે. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૩૮ હજારનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસે પેટ્રોલીંગ દરમિયાન મળેલી બાતમીને પગલે કસ્તુરીનગર જોગણી માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને બેસીને જુગાર રમતા રણછોડ આત્મારામ પરમાર, ગણપત રતીજી ઠાકોર, જયંતિજી બાબુજી ઠાકોર (તમામ રહે. શેરથા પરા કસ્તુરીનગર)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડા રૂ.૨૧૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂ.૧૨૧૦ મળી કુલ રૂ.૩,૩૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે અડાલજ ઝાલાપરા વાસ ખાતે ખુલ્લા ચોકમાં જુગાર રમતા વિનુભાઈ રામજી ભાઈ દંતાણી (રહે.દંતાણીવાસ), રાજુજી દિલિપજી ઠાકોર, મનોજ છગનજી ઠાકોર, અને મહેશજી ગાંભાજી ઠાકોર (રહે આંબલીવાસ)ને અડાલજ પોલીસે બાતમીને પગલે જુગાર રમતા જડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧,૩૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં અંબાપુર ગામ ખાતે હનુમાનવાસ મહેશ પશાજી ઠાકોરના ઘર પાસે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા રાહુલ પશાજી ઠાકોર, અમિત દિનેશજી ઠાકોર, સુરેસ બબાજી ઠાકોર,. અશોક જયંતિજી ઠાકોર, દશરથ અમાજી ઠાકોરને પકડી પાડ્યા હતા. દાવ પરથી રોકડા રૂ.૧૮૦૦ તેમજ અંગજડતીમાં રૂ.૯૬૦૦ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે ચિલોડા પોલીસે મગોડી દરબાર આંટામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લી જગ્યામાં જુગાર રમતો હોવાની બાતમીને પગલે પોલીસે રેઈડ પાડી જુગાર રમી રહેલા ગામના કાળાજી ચેહરાજી ઠાકોર, મહેશજી લક્ષ્મણજી ઠાકોર, રાજુસિંહ પોપટસિંહ બિહોલા, ભમ્મરસિંહ કાળુસિંહ બિહોલા, અનિલ ભીખાજી ઠાકોર, અશોક ચંદુજી ઠાકોર, નરેશ રમેસભાઈ રાવળ અને મહિપતસિંહ કનુસિંહ બિહોલા ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી દરમિયાન ૧૩,૭૦૦ અને દાવ પરથી રોકડ રૂ.૩૩૧૦ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આ વખતે ઓનલાઈન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ છે.
- આજે સવારથી જ સે. ૨૧ના શાકમાર્કેટમાં ભીડ જોવા મળતી હતી પરંતુ મોંઘી શાકભાજી જોઈને લોકો ઓછુ ખરીદતા જોવા મળ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં સાતમ-આઠમના તહેવારોને લઈ ટ્રાફિકનું ભારણ ઓછુ જોવા મળ્યુ હતુ.
- ગાંધીનગર તાલુકાનો તાલુકા કક્ષાનો વન મહોત્સવ કોબા પ્રેક્ષાભારતી ખાતે ઉજવાઈ ગયો.
- ગાંધીનગર જિલ્લામાં પણ દિશાની બેઠક યોજવા માટેની કવાયત તંત્રએ વેગીલી બનાવી છે.
- અખિલ ભારતીય કુર્મિ ક્ષત્રિય મહાસભાની ખાસ બેઠક તેમજ સમાજયાત્રામાં ભાગ લેવા ડૉ. હિમાંશુ પટેલ અને એમ.એ. પટેલ આજે સવારે હવાઈ માર્ગે લખનૌ પહોંચશે. તેઓ લખનૌ, અલ્હાબાદ પ્રયાગરાજ સહિતના સ્થાનો પર સમાજયાત્રામાં પણ જોડાશે.
- ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તેમજ શિક્ષક શરાફી મંડળીના ડિરેક્ટર પિયુષભાઈ પટેલનું આજે સવારે હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થતાં શિક્ષકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. જેમાં શહેરના ૩૩૪૫ અને ગ્રામ્ય વિસ્તારમાં ૮૩૩૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના સાહેબ અમે જુગારી નથી... આ તો ટાઢી સાતમમાં વાઈફનું બનાવેલું અને એ પણ ટાઢુ.. ખાવું ન પડે માટે બહાર ટાઈમ પાસ કરીએ છીએ..!!

# પેથાપુર વિરાજ એપાર્ટમેન્ટમાં પાડોશી યુવકે મિત્રો સાથે મળી સહમંત્રીના ઘરે ચોરી કરી હતી

ગાંધીનગર, તા.૨૮

પેથાપુર ખાતે આવેલા વિરાજ એપાર્ટમેન્ટના સહમંત્રીના બંધ ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરીને રૂ.૭૦ હજારની રોકડ ચોરી કરનાર ચાર યુવાનોને પેથાપુર દિપેશ્વરી માતાજી મંદિર પાસેથી એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યા છે. એપાર્ટમેન્ટ ખાતે બાજુમાં રહેતા યુવકે પોતાના ત્રણ મિત્રો સાથે મળીને ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું છે.

વિરાજ એપાર્ટમેન્ટ એ.૧૦૪ ખાતે રહેતા કમલેશભાઈ મહેતા નિવૃત જીવન જીવે છે. તેમના ધર્મપત્નિનું અવસાન થયેલુ છે. જયારે તેમના



દિકરા શ્યામ સુકન ખાતે પરિવાર સાથે રહે છે.વિરાજ એપાર્ટમેન્ટમાં કમલેશભાઈ સહમંત્રી તરીકે કાર્યરત છે. ફલેટમાં રહેતા ૧૫૦ સભ્યો પાસેથી મરામત તરીકે રૂ.૭૦ હજાર ઉઘરાવીને કમલેશભાઈએ પોતાના ઘરે તિજોરીમાં મુક્યા હતા. ત્યારબાદ તેઓ બે દિવસ માટે અમદાવાદ ગયા હતા. ત્યારે તેમના બંધ મકાનના દરવાજાનું લોક તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કરી તિજોરીનું તાળુ તોડીને અંદર રહેલા રોકડા રૂ.૭૦ હજાર ચોરી કરી લઈ ગયા હતા. પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસ હાથ ધરી હતી. ત્યારે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા એ પણ ઉકત ગુનાનો ભેદ ઉકેલી કાઢવા માટે સ્ટાફના જવાનોને કામે લગાડ્યા હતા. ત્યારે બાતમીને પગલે પોલીસે પેથાપુર દિપેશ્વરી માતાના મંદિર પાસે થી રાહુલ ગૌતમભાઈ પરમાર (ઉં.૨૬, રહે. બ્લોક એ ૧૦૩ વિરાજ એપાર્ટમેન્ટ), વિશાલ હરગોવિંદસિંહ ચૌહાણ (ઉં.૨૦ એ-૮ ગોપાલ નગર જયોતિરામ સોસાયટી કઠવાડા), મનિષ રામજીવન કેવટ (ઉં.૨૦ મકાન નં.૨૯૩ ગુ.હા.સો.નિકોલ) તેમજ સાગર શંકરભાઈ પરમાર (ઉં.૧૯ મકાન નં.૧૫૧ ગુ.હા.સો.)ને પકડી પાડ્યા હતા. પોલીસે યુવાનો પાસેથી રોકડા રૂ.૧૬ હજાર અને મોબાઈલ મળી આવ્યો હતો. જેથી યુવાનોને પુછતાછ કરતા યોગ્ય જવાબ આપ્યો ન હતો. પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે વિરાજ એપાર્ટમેન્ટ ખાતે રહેતા રાહુલ પરમારે જ તેના ત્રણ મિત્રો સાથે મળીને પાડોશી ના બંધ મકાનમાં ઘરફોડ ચોરી કરી હતી . જેથી પોલીસે ચારેય આરોપીની ધરપકડ કરી વધુ તપાસ પેથાપુર પોલીસ ચલાવી રહી છે.

# અખિલ ભારતીય આદિમ મહાસંઘનું દિલ્હી ખાતે અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા.૨૮

આગામી તા.૩૧ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા સેનાની મૂકિત દિવસના પ્રસંગે આદિજાતિના સમગ્ર ભારતભરમાંથી ૭૦ થી વધુ ઉપજાતિના વરિષ્ઠ આગેવાનોનું દિલ્હી ખાતે બે દિવસીય અધિવેશન યોજાશે. આ કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે જનજાતિ વિકાસ કલ્યાણ બોર્ડના અધ્યક્ષ મા.ભિકુજી ઈદાતે (દાદા), અને કાર્યક્રમના અધ્યક્ષ તરીકે અખિલ ભારતીય આદિમ મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ રૂપસંગભાઈ ભરભીડીયા ખાસ ઉપસ્થિત રહેશે.

અખિલ ભારતીય આદિમ મહાસંઘનું તા.૩૧ ઓગસ્ટ અને તા.૧ સપ્ટેમ્બરના રોજ શાહ ઓડીટોરીયમ હોલ (કાશ્મીર ગેટ મેટ્રો સ્ટેશનની બાજુમાં સિવિલ લાઈન ગુજરાત સમાજ માર્ગ) દિલ્હી ખાતે યોજાનાર અધિવેશનમાં ભારતભરમાંથી આગેવાનો ઉત્સાહભેર ભાગ લેશે. આ અધિવેશનમાં આદિમ સંસ્કૃતિની ભાષા, સમાજની અત્યાર સુધીની મુખ્ય સમસ્યાઓ, પર વિચાર-વિમર્શ કરવામાં આવશે. રાષ્ટ્રીય સ્તર પર સર્વ સહમતિથી સમાજના હિતમાં ઠરાવ કરવામાં આવશે. આ ઠરાવ કેન્દ્ર સરકાર સમક્ષ પ્રસ્તુત કરાશે. ભારતભરમાં ૭૦ થી વધુ ઉપજાતિના ૧૩ કરોડ થી વધુ આદિમ જનજાતિના નાગરીકો છે. આદિમજાતિના નાગરીકો જળ, જમીન અને જંગલના મિલાક હતા. પરંતુ અસ્તિત્વ ટકાવી રાખવા માટે ભટકતા બની ગયા હતા. સરકારે વિચરતી વિમુકત જાતિ નામ આપીને આદિમ જાતિને અન્યાય કર્યો છે. આદિમ જાતિને અનુસુચિત જનજાતિની અનામત આપવી જોઈએ તેવી પણ માંગ અધિવેશન દ્વારા કરવામાં આવશે. જયારે બે દિવસ ચાલનારા અધિવેશનમાં ભારતમાંથી આદિમજાતિના વરિષ્ઠ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેનાર છે તેમ આદિમજાતિના રાષ્ટ્રીય પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ જણાવ્યું છે.

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી બાઈકની ચોરી

અમદાવાદ દસક્રોઈ તાલુકાના એણાસણ ગામના મિનેશ માનાજી ઠાકોરના બાઈકની ચોરી થવા પામી છે. જુની કેન્ટીન પાસે નાના ગાર્ડન પાસે બાઈક પાર્ક કર્યું હતું. ગત તા. ૨૫ ના રોજ પત્નિને એડમીટ કરી હોવાથી તેઓ સિવિલ આવ્યા હતા. સિવિલ ખાતે બે દિવસ રોકાયા બાદ ૨૭ ના રોજ ૧૧ વાગે મામાના ઘરે લવારપુર ખાતે ટીફીન લેવા માટે જવાનું હોવાથી બાઈક પાર્ક કરેલી જગ્યા પર મિનેશ ઠાકોર આવ્યા હતા. બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. તેઓએ બાઈક નં. જી.જે.૨૭.સી.જી.-૮૯૨૨ની શોધખોળ કરી હતી. પરંતુ તે બાઈક ન મળી આવતા ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરમાં કચરાની સમસ્યા વકરતી જાય છે. સુકો અને ભીનો કચરો અલગ કરવાની માથાકૂટમાં વસાહતીઓ રસ્તા પર જ કચરો નાંખી રહ્યા છે. કુડાસણ પાટીયા નજીક જય યોગેશ્વર કોમ્પલેક્ષના સર્વિસ રોડ ઉપર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે.

## સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ ખાતે જન્માષ્ટમીની ઓનલાઈન ઉજવણી

ગાંધીનગરમાં સૌ પ્રથમ ઓનલાઈન પ્રીસ્કૂલ શરૂ કરનાર સ્માર્ટ કીડઝ નર્સરી સ્કુલમાં જન્માષ્ટમીનો તહેવાર ખૂબ જ ભાવપૂર્વક ઉજવાયો હતો. બધા જ બાળકો રાધા-કૃષ્ણ બનીને આવ્યા હતા. બાળકોને સૌ પ્રથમ પપેટ શો, ઓડિયો વિઝયુઅલ પ્રેઝન્ટેશનથી કૃષ્ણ જન્મ, કૃષ્ણ લીલા બતાવીને કૃષ્ણના નાના અવતાર વિશે સમજાવવામાં આવ્યું હતું. કન્હૈયાનો લાગણીશીલ નટખટ, મિલનસાર બહાદુર અને નેતૃત્વસભર સ્વભાવના પ્રસંગ દર્શાવીને બાળકોને ઉમદા ચારિત્ર્યના પાઠ ભણાવવામાં આવ્યા હતા.



### વિદાય સમારંભ યોજાયો

શ્રી સ્વામિનારાયણ શશુ વિદ્યાલય સે-૨૨ ગાંધીનગર ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવતા શોભાબહેન આર. પંડયા તથા પ્રેમિલાબેન એચ. પટેલનો ગુરૂકુલ સંસ્થા દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ડાયરેકટર ઉમંગભાઈ વાઘાણી, કાંતિભાઈ પટેલ તથા શિશુ વિદ્યાલયનો સમગ્ર શિક્ષણ ગણ ઉપસ્થિત રહ્યો હતો. ઉમંગભાઈ વાઘાણીએ શિક્ષિકા બહેનોની કામગીરી બિરદાવી ભેટ રૂપે પુસ્તકો આપી તેઓનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે સત્સંગ શિક્ષા પરિષદના મેનેજીંગ ટ્રસ્ટી પૂજય શાસ્ત્રી શ્રી હરિપ્રકાશ સ્વામી અને પૂ. સાસ્ત્રીશ્રી રામકૃષ્ણદાસ સ્વામીએ શુભેચ્છા સંદેશો પાઠવી રૂડા આશીર્વાદ પાઠવ્યા અને સંસ્થાના શિક્ષક હોવાનું ગૌરવ પ્રદાન કર્યું હતું.

# ‘આઝાદીના અમૃત મહોત્સવ’ પર્વે પ્રત્યેક નાગરિક સમર્થ-સક્ષમ-આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થાય : રાજ્યપાલશ્રી

## ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન દ્વારા યોજાયેલી સાઇકલ રેલીને પ્રસ્થાન કરાવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે




રાજભવન ગાંધીનગર ખાતેથી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજ્યુકેશન (આઈઆઈટીઈ) દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ સંદર્ભે યોજાયેલી સાઈકલ રેલીને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવ પર્વે પ્રત્યેક નાગરિક સમર્થ-સક્ષમ અને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થાય.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે નાગરિકોમાં દેશ પ્રત્યેની જવાબદારી માટે સભાનતા કેળવાય તે દિશામાં પ્રયાસો કરવા જરૂરી છે. નાગરિકો જેટલા કર્તવ્યપરાયણ બનશે એટલો દેશ સમર્થ બનશે. તેમણે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે સૌને ૭૫ વર્ષના લેખા-જોખા કરવા પણ અનુરોધ કર્યો હતો.

દેશ કાજે સર્વસ્વ ન્યોછાવર કરી સ્વતંત્રતા માટે પ્રાણની આહુતિ આપનારા સ્વાતંત્ર્યસેનાનીઓ આજની યુવાપેઢી માટે પ્રેરણાસ્ત્રોત બને તેમ ભારપૂર્વક જણાવતા રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે જે દેશ ઈતિહાસ ભૂલી જાય છે તેનું અસ્તિત્વ જ ભૂંસાઈ જાય છે. આઝાદીના અમૃત મહોત્સવ પર્વે રાજ્યની કોલેજ અને યુનિવર્સિટીકક્ષાએ પ્રાધ્યાપકોની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓની ટીમ બનાવી પર્યાવરણ રક્ષા, સ્વચ્છતા ઝુંબેશ, બેટી બચાવો બેટી પઢાવો, નશામુક્તી, કોરોના સામે જાગૃતિ અને રસીકરણ જેવા મુદ્દે લોક જાગૃતિ કેળવાય તે માટે અભિયાન ચલાવાશે તેની માહિતી પણ રાજ્યપાલશ્રીએ આપી. આ અભિયાનમાં વધુને વધુ વિદ્યાર્થીઓ જોડાય તે માટે પણ અનુરોધ કર્યો હતો.

આ રેલીની શરૂઆતમાં ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન આઈ.આઈ.ટી.ઈના કુલપતિ હર્ષદ પટેલે મહાનુભાવોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે રાષ્ટ્ર ઉત્કર્ષનો સંદેશો શિક્ષકોના માધ્યમથી વિદ્યાર્થી, યુવા વર્ગ સુધી પહોંચાડવા યુનિવર્સિટી દ્વારા પ્રયાસો હાથ ધરાશે.આ પ્રસંગે કુલ સચિવ હિમાંશુભાઈ પટેલ સહિત યુનિવર્સિટીના અધિકારી- કર્મચારીશ્રીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી આ રેલીમાં સહભાગી થયા હતા.



વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર સંચાલિત શ્રી સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર દ્વારા જન્માષ્ટમી નિમિત્તે ‘મટકી ફોડ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોએ સવિશેષ ઉત્સાહથી ભાગ લઈ ભજન, રાસની રમઝટ બોલાવી હતી.

# બટરફલાય પર આયોજિત સાયન્સ સિટીના વર્કશોપમાં વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન અપાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર પાસેના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત



સાયન્સ સિટી દ્વારા તા. ૨૫થી ૨૮ ઓગષ્ટ દરમ્યાન બટરફલાય આઈડેંટીફિકેશન અને ઈકોલોજી વિષયે ચાર દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં ગુજરાત સાયન્સ સિટીના એકજીકયુટિવ ડાયરેકટર ડો. નરોત્તમ સાહુએ વિદ્યાર્થીઓને પ્રાથમિક માહિતી સાથે અભિવાદન કર્યા બાદ સાયન્સ સિટીના ભૂતપુરવા ક્યુરેટર —એફ એનએસસીએમ અને કેએસાર ટ્રસ્ટ એંડ નેચરલ હિસ્ટ્રી સોસાયટી ઓફ ઈન્ડિયાના સાયંટિસ્ટ ઈન રેસિડેન્ટ ડો. શાઈક જિલાણીએ ભાગ લેનારાઓને બટરફલાયના જીવનના તબક્કાઓ વિષે રસપ્રદ જાણકારી આપી હતી.

વર્કશોપમાં વિદ્યાર્થીઓને સાયન્સ સિટી ખાતેના અદભૂત આકર્ષણ એકવેટિક ગેલેરીની મુલાકાત કરવવામાં આવી. વિજ્ઞાન પ્રસાર નવી દિલ્લી ખાતેના પ્રિન્સિપાલ સાયંટિફિક ઓફિસર ડૉ. બી. કે. ત્યાગીએ બાયોડાયવર્સિટી અને બટરફલાય વિષે જાણકારી આપી હતી. મુલાકાત દરમ્યાન ડો. શાઈક જિલાણીના માર્ગદર્શનમાં હેન્ડસ ઓન એક્ટિવિટીમાં બટરફલાય વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ સુગર સોલ્યુશન અને કેળાને છૂંદીને કૃત્રિમ નેકટર તૈયાર કરી ફિડિંગ સ્ટેશન બનાવ્યું અને આ સોલ્યુશન અને છુંદેલા કેળાના મિશ્રણને લાઈફસાયન્સ પાર્ક અને નેચર પાર્કમાં અલગ અલગ જગ્યાએ મૂક્યા હતા. વિદ્યાર્થીઓએ કેમ્પસ ખાતેથી વિવિધ પ્રકારની ઈયળો પણ એકત્રિત કરી હતી.

ટચૂકડી જાહેર ખબર

**નામ બદલેલ છે**

**મારું નામ પરમાર નોશા મનોજકુમારમાંથી ઉપેરિયા નોશા મનોજકુમાર કરેલ છે.**
૧૦/૫, સી-ટાઈપ ક્વાટર્સ, જીઈબી કોલોની, ગાંધીનગર